



## મોડાસાના ટીંટોઈ અને ભિલોડા પંથકમાં વરસાદનું આગમન

ગુજરાતમાં ધીરે-ધીરે ચોમાસાનું આગમન થઈ રહ્યું છે. વરસાદે કેટલાક વિસ્તારોમાં પોતાના પગલા માંડી દીધા છે, ત્યારે આજે વહેલી સવારથી જ અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. મોડાસાના ટીંટોઈ પંથક અને ભિલોડા તાલુકાના કેટલાક વિસ્તારોમાં આજે સવારે મંદગતિના પવન સાથે વરસાદનું આગમન થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી ભૂમિપુત્રોએ વરસાદના વધામણાં કર્યા હતા. મોડાસા તાલુકાના ટીંટોઈ પંથકમાં અને ભિલોડા તાલુકામાં સોમવારે સવારે આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાયા બાદ મંદ પવનની ગતિ સાથે વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતા અને વરસાદના પગલે વાતાવરણમાં શીત લહેરો પ્રસરતા ગરમીથી ત્રસ્ત લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો છેલ્લા કેટલાક દિવસોથી જીલ્લાના વાતાવરણમાં વાદળછાયું વાતાવરણ રહેતા ચોમાસાએ દસ્તક દીધી હતી સોમવારે જીલ્લાના કેટલાક વિસ્તારોમાં મેઘો મહેરબાન થતા પ્રજાજનો અને ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

# પોશીના, લાંબડીયા, કોટડા અને ખેડબ્રહ્મામાં વરસાદ

## વડાલીમાં છાંટા પડતા ઉકળાટ વધ્યો : હિંમતનગર, પ્રાંતિજ, તલોદ કોરા રહ્યા

હિંમતનગર, તા. ૧૧

ગુજરાતમાં ધીરે ધીરે મેઘરાજાનું આગમન થઈ રહ્યું છે ત્યારે સોમવારે સવારે પોશીના, લાંબડીયા, કોટડા, દેલવાડા, ખેડબ્રહ્મા અને ઈડર તાલુકાના લાલોડામાં મેઘરાજાએ પધરામણી કરતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી છે. જોકે, વડાલી અને આસપાસના વિસ્તારોમાં સામાન્ય છાંટા વડવાને કારણે વાતાવરણમાં બાફ અને ઉકળાટનું પ્રમાણ અસહ્ય વધી જવા પામ્યું હતું. જોકે હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ પંથક વરસાદથી વંચિત રહેવા પામ્યા છે. મામલતદાર કચેરીના સૂત્રોના જણાવ્યા મુજબ પોશીના પંથકમાં ૭ અને ખેડબ્રહ્મા પંથકમાં ૪ મી.મી. વરસાદ પડ્યો હતો.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી મોસમનો મિજાજ બદલાયો હોય તેમ આકાશમાં દિવસે અને રાત્રે વાદળો ચઢી આવ્યા છે જેના કારણે દિવસ દરમિયાન સૂર્ય અને વાદળો વચ્ચે સંતાકુકડી ચાલતી હોય તેમ ઘડીક તડકો તો ઘડીક છાયડો રહે છે. બાફના પ્રમામમાં અસહ્ય વધારો થતા લોકો ઉકળાટને કારણે તોબા પોકારી ગયા છે. દરમિયાન સોમવારે વહેલી સવારે પોશીના, લાંબડીયા, કોટડા, દેલવાડા સહિતના અન્ય વિસ્તારોમાં સતત અડધા કલાક સુધી ૭ મીમી વરસાદ પડ્યો હતો. જેના કારણે આ વિસ્તારમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

તો બીજી તરફ ખેડબ્રહ્મા અને આસપાસના વિસ્તારોમાં સવારે આઠ વાગ્યાના સુમારે અચાનક અમી છાંટણા શરૂ થતા લોકોમાં હાશકારો અનુભવાયો હતો. જોકે ખેડબ્રહ્મા અને આસપાસના વિસ્તારોમાં ડિઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ ચાર મી.મી. વરસાદ પડ્યો હતો. જ્યારે વડાલી અને આસપાસના વિસ્તારોમાં ફક્ત વરસાદના છાંટા પડ્યા હતા. ત્યારબાદ લોકોએ અસહ્ય બાફ અને ઉકળાટનો અનુભવ કર્યો હતો. તો બીજી બાજુ ઈડર તાલુકાના લાલોડા અને આસપાસના વિસ્તારોમાં સોમવારના સવારના સુમારે સતત વીસ મિનિટથી વધુ ધીમીધારે વરસાદ પડ્યો હતો.



## ખેડબ્રહ્મામાં ચોમાસાનું ધીમી ગતિએ આગમન

ખેડબ્રહ્મા સોમવારના સવારે ૮વાગ્રયે સવારેવાતાવરણમાં પલટો આવી જતા વાદળછાયુ વાતાવરણ થઈ ગયું હતું ૧૫ મિનિટ મા ૪ એમ એમ વરસાદ પડ્યો હતો. પહેલા વરસાદમાં શહેરના તમામ રસ્તાઓ ભીના થઈ ગયા હતા જ્યારે કેટલીક જગ્યાએ પાણીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. પહેલા વરસાદમાં નાના ભૂલકાઓ પાણીમાં પલડવાની મજા માણી હતી. જ્યારે હાલ સુધી મા સમગ્ર રાજ્યના તમામ જિલ્લા મા વરસાદ ના એંધણ દેખાઈ રહ્યા છે જ્યારે ખેડબ્રહ્મા તાલુકા અને પોશીના તાલુકા મા કોઈ ડીઝાસ્ટર અધીકારીની નીમણુક કરેલ નથી તે અતી દુખદ વાત છે હાલ મા તાત્કાલીક ધોરણે નીમણુક કરવા મા આવે તેવી પ્રજાની માગ ઉઠવા પામી છે.

# પાલનપુરમાં સતત બીજા દિવસે ધરોઈની પાઈપ લાઈનમાં ભંગાણ

## લડબી સફાઈ અભિયાનમાં બેદરકારીને પગલે લાખો લીટર પાણીનો વેડફાટ

પાલનપુરની લડબી નદીમાં થયેલા દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. માત્ર નદીની સફાઈ કરીને તંત્ર સંતોષ માની રહ્યુ છે. જેમાં પણ સફાઈ દરમિયાન બેદરકારી પાલિકાતંત્રના અધિકારીઓની સાંઠગાંઠથી બિલ્ડરો અને ભૂમાફિયાઓના ઈશારે નદીના પટમાં મોટાપાયે દબાણો ઉભા કરી દેવાયા છે. આ દબાણો દૂર કરવા માટે મિડીયા તેમજ શહેરના જાગૃત નાગરિકો દ્વારા ઝૂંબેશ હાથ ધરવામાં થવા પામ્યા છે. તંત્ર માત્ર નદીની સફાઈ કરીને સંતોષ માની રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. જેમાં પણ સફાઈ દરમિયાન બેદરકારી દાખવવામાં આવતી હોવાથી ઠેર- ઠેર ધરોઈની પાઈપલાઈન તૂટી રહી છે. જ્યાં શુક્રવારે તારાનગર વિસ્તારમાં



દાખવાતા છેલ્લા બે દિવસથી ધરોઈની પાઈપ લાઈન તૂટી રહી છે. જેને પગલે લાખો લીટર પાણી નો બગાડ થઈ રહ્યો છે.

પાલનપુરમાં લડબીનદીનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જમીન દફતર કચેરી દ્વારા નદીનો નકશો બદલી દેવાયા બાદ ન હોવાથી અનેક તર્ક—વિતર્કો ઉભા આવી છે. જેમાં જિલ્લા કલેકટર સંદિપ સાગલેએ જાતે સરવે કરી દબાણો દૂર કરવા માટે આદેશ કર્યા હતા. શહેરીજનો પણ ઈચ્છી રહ્યા છે કે, ચોમાસા અગાઉ આ દબાણો દૂર કરવામાં આવે પણ તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવતી પાણીની પાઈપલાઈન તૂટી હતી. જે બાદ શનિવારે પશ્ચિમ પોલીસ મથક પાસે પાઈપ લાઈન તૂટતાં લડબી નદીના પટમાં પાણીની રેલમછેલ થઈ જવા પામી હતી. જેને કારણે લાખો લીટર પાણીનો વેડફાટ થતા લોકોએ તંત્ર સામે ફિટકારની લાગણી વરસાવી હતી.

# ભિલોડામાં અસહ્ય બાફ અને ઉકળાટ બાદ વરસાદી ઝાપટુ વરસ્યું

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીમાં પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા હતા. અબાલ, વૃધ્ધ, નાના, મોટા સૌ કોઈ આગ ઓકતી ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. પશુ-પંખીઓની દયનીય હાલત સર્જાઈ હતી.

મેઘરાજાની સૌ-કોઈ ચાતક નજરે રાહ જોઈ બેઠા હતા.ભિલોડા તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં એકા-એક પલટો આવતાં વાદળછાયું વાતાવરણ સર્જાતાં અસહ્ય બાફ અને ઉકળાટનું પ્રમાણ વધતાં ગરમીનો પારો નીચે ઉતર્યો હતો. અસહ્ય બાફ અને ઉકળાટ બાદ આજે વરસાદી ઝાપટુ વરસ્યું હતું. મેઘરાજાની પધરામણીની શરૂઆત સાથે જ વીજપુરવઠો ખોરવાયો હતો. ખેડુતો, શ્રમજીવીઓ, પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. વરસાદી ઝાપટુ વરસ્યા બાદ મહદ્ અંશે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ચોમાસાની સિઝનનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે વરસાદના શ્રીગણેશ કર્યા હતા.નાના બાફકો પ્રથમ વરસાદમાં છબછબીયા કરતા જોવા મળ્યા હતા. ખેડુતો અને શ્રમજીવીઓ ખેતીના કામકાજમાં પરોવાયા છે. ચોમાસુ સિઝન દરમ્યાન ખેડુતોએ વાવણીનો શુભારંભ કર્યો છે. આ વર્ષે ચોમાસાની સિઝન દરમ્યાન સમયસરનો અને સારો વરસાદ થવાની આશા સાથે ખેડુતોએ ખરીફ વાવણીનો શંભારંભ કરી દીધો છે. ખેડુતોએ જણાવ્યું હતું કે કપાસ, મગફળી, દિવેલા, કઠોળનું વાવેતર વધશે તેવું ખેડુતોનું અનુમાન છે. ખેડુતો આકાશી ખેતીમાં વધુ વિશ્વાસ ધરાવે છે એટલે જ રવી સિઝન કે ઉનાળુ સિઝનના વાવેતર કરતાં ખરીફ સિઝનમાં વધુ વાવેતર કરતા હોય છે. ખેડુતો હવે રોકડીયા પાકો તરફ વળતાં કપાસ, તેલીબીયાં, સોયાબીનનું વાવેતર વધશે તેવું ખેડુત આગેવાનોનું માનવું છે.



# અરવલ્લી જિલ્લામાં વિશિષ્ટ વ્યક્તિઓ, મહાનુભાવોનો સંપર્ક આરંભાતા ઠેર ઠેર આવકાર

મોડાસા,તા.૧૧

અરવલ્લી જિલ્લા ભાજપના ખાસ સંપર્ક અભિયાન અંતર્ગત ભાજપના જિલ્લા મીડિયા સેલના કન્વીનર પ્રભુદાસભાઈ પટેલે જિલ્લાના વિશિષ્ટ વ્યક્તિઓનો સંપર્ક કરી તેમને સરકારની ચાર વર્ષના સુશાસનની સિદ્ધિઓની પુસ્તિકા અર્પણ કરી હતી.



આ મહાનુભવોમાં જાણીતા સેવાભાવી તબીબ ડૉ. ડી. એમ. દવે, પીઢ પત્રકાર, અનેકવિધ સેવાભાવી સંસ્થાઓમાં સેવારત એવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના જિલ્લાના ચેરમેન ભરતભાઈ પરમાર, પલાયન્સ ઈન્ટરનેશનલ રીજયન, ડિસ્ટ્રીક. ૩૨ ૩૨ બી.ના ચેરમેન પ્રવીણભાઈ પરમાર, ભાજપના બુઝર્ગ નેતા રાજાકાકા (રાજાભાઈ હમીરભાઈ પટેલ, મ.લા.ગાંધી ઉ. મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી સાહિત્યકાર, કોલમ લેખક શિક્ષણકાર અને લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમોડાસાના પ્રિન્સિપાલ, ડૉ. સંતોષ ગોવિંદ દેવકર, અરવલ્લી જિલ્લા શાળા વહીવટી કર્મચારી સંઘના પ્રમુખ અનેપૂર્વ. માજી મેમ્બર, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, વગેરેનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

# પોષણક્ષમ ભાવો નહીં મળતાં ખેડૂતોની આવક બે દશકામાં ઘટીને અડધી થઈ ગઈ : કોંગ્રેસ

## કોંગ્રેસે ખેડૂતો માટે શું કર્યુંની વાતો કરનાર વિજય રૂપાણીને જાહેર ચર્ચા કરવા ડો. હિમાંશુ પટેલનો ખૂલ્લો પડકાર

ગાંધીનગર, તા. ૧૧

સમગ્ર દેશમાં ૨૦૨૨નાં વર્ષમાં ખેડૂતોની આવક ડબલ કરવાનો ભ્રામક પ્રચાર કરતી ભાજપ સરકારનાં ગુજરાતમાં બે દશકાનાં શાસનમાં ખેડૂતોની આવક હતી તેનાં કરતાં પણ અડધી થઈ ગઈ હોવાનું જણાવતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આક્રોશ વ્યક્ત કર્યો છે કે, ખાતર, બિયારણ, જંતુનાશક દવા, ખેતમજૂરીનાં ત્રણ ગણાં થયેલાં ભાવો સામે એકપણ ખેતપેદાશોનાં પોષણક્ષમ ભાવો મળતા નહીં હોવાથી ભાજપનાં ક્રુર શાસનમાં ગુજરાતના ૧૫ હજાર ખેડૂતોને આપઘાત કરવો પડ્યો છે. આમ છતાં, ખેડૂતોની શહિદી ઉપર સત્તામાં આવેલી ભાજપ સરકાર દ્વારા આપઘાત કરનાર ખેડૂતોનાં પરિવારોને એક રૂપિયાનું પણ વળતર ચૂકવ્યું નથી.

કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, આર્થિક પાયમાલીમાં આવી ગયેલાં ગુજરાત અને દેશના ધરતીપુત્રો અત્યારે આંદોલન કરી રહ્યાં છે. ત્યારે ભાજપનો કિસાન મોરચો અને કિસાન સંઘ શોધ્યાં'ય જડતા નથી. ભાજપ એક જ દિવસની સત્તામાં કર્ણાટકમાં ખેડૂતોનાં દેવા માફ કરવાની જાહેરાત કરી શકે છે, એ જ રીતે મહારાષ્ટ્ર અને યુપીમાં દેવું માફ કરનાર ભાજપ ગુજરાતમાં ખેડૂતવિરોધી નીતિ અપનાવી કેમ દેવું માફ કરતી નથી? મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીનું કંઈ જ ઉપજતું નથી. તેમાં કેન્દ્રીય મંત્રી રાધા મોહનસિંહ, ખેડૂતો ટીવીમાં દેખાવવા માટે આંદોલન કરી રહ્યાં હોવાનું જણાવી ધરતીપૂત્રોની ક્રુર મશ્કરી કરે તે ખૂબ જ શરમજનક છે. ખેડૂતો પરસેવો પાડી ઉત્પાદન કરેલા પાકની કિંમત વેપારીઓ નક્કી કરે છે, તેના બદલે કિસાનો જ વિવિધ પાકનાં ભાવ નક્કી કરે તેવી કેન્દ્રીય મંત્રીએ ચિંતા કરવી જોઈએ.

## દિવ્યાંગ બાળકો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાળકોની સંખ્યા ૪૮૧ છે. લોક્ટોમોર ડીસેબીલીટી ધરાવતા બાળકોની સંખ્યા ૩૩૯ છે.

કાનની બહેરાશ ધરાવતા બાળકોની સંખ્યા ૨૨૮ છે જ્યારે સ્પીચ એન્ડ લેંગ્વેઝ ડીસેબીલીટી ધરાવતા બાળકોની સંખ્યા ૧૨૮ છે. માનસિક બિમારી ધરાવતા બાળકોની સંક્યા પણ ૧૨૬ જેટલી જિલ્લામાં નોંધાયેલી છે. પાર્કિન્સન્સ જેવી ગંભીર બિમારી ધરાવતું એક બાળક ગાંધીનગર તાલુકમાં નોંધાયેલ છે. આ ઉપરાંત થેલેસિમિયાગ્રસ્ત બાળક પણ એક નોંધાયું હોવાનું જાણવા મળેલ છે. મળતી આધારભૂત વિગતો પ્રમાણે દિવ્યાંગતા અંગે સર્વ શિક્ષા અભિયાન દ્વારા ૨૨ જેટલા વિવિધ દિવ્યાંગતાઓ નિયત કરવામાં આવી છે. જે પૈકી ૨૧ જેટલી દિવ્યાંગતા ધરાવતા બાળકો જિલ્લામાં નોંધાયેલા છે.

## ૨ ટકા વળતર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રેસ્ટોરન્ટ, હૉટલ પૂર્ણિમા, ગ્રીન એપલ રેસ્ટોરન્ટ, ગોપાલ સ્વીટ માર્ટ, વૃન્દાવન સ્વીટ, રાધે સ્વીટનો સમાવેશ થાય છે. આ વેપારીઓનું મેયરશ્રી પ્રવિણ પટેલ, કમિશનરશ્રી અમરાણી, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રીના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ અગાઉ સેક્ટર-૨૮ ખાતે મેયરશ્રી દ્વારા વૃક્ષારોકણ પણ કરવામાં આવ્યું હતું. તાજેતરમાં જ સે.૨૮ નજીક દબાણ મુક્ત કરાયેલ તળાવ નજીક આ વૃક્ષારોકણ વન વિભાગ સાથે સંકલનમાં રહીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયરશ્રી પ્રવિણ પટેલે ગાંધીનગર શહેરને ગ્રીનસીટીનો દરજ્જો પુનઃપ્રાપ્ત કરવા માટે નગરજનોને વધુમાં વધુ વૃક્ષ વાવી અને તેનો ઉછેર કરવા અપીલ કરી હતી.

## ધોધમાર પડશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રક્રિયા ભૌગોલિક રીતે ચોમાસા પૂર્વે થતી હોય છે અને આ પ્રક્રિયાના લીધે ગરમ હવા ઠંડી બનતા અને આંચકાનો પવન સમુદ્ર તરફથી વરસાદી વાદળો લાવતા વરસાદ થતો હોય છે. હાલમાં દેશના ઉત્તર પૂર્વીય ભાગોમાં વરસાદ આંધી પવન સાથે રહે. ગુજરાતમાં જૂન તા. ૨૫થી હવામાન સાનુકૂળ બને. જૂન તા. ૨૯થી જુલાઈ તા.૧૨ સુધીમાં નિયમિત ચોમાસુ વરસે.

## હાંસલ કરી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બચાવવામાં ભાજપની ડેમેજ કંટ્રોલ ટીમ આજે નિષ્ફળ પુરવાર થઈ છે. ૨૨ વર્ષ બાદ સત્તાના સૂત્રો સંભાળતા કોંગ્રેસના કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. નગરપાલિકાના આ ચૂંટણી જંગમાં કોંગ્રેસની જીતને વધાવવા માટે જિ.પં.ના સભ્યો પણ કલોલ પહોંચ્યા હતા અને ચૂંટણીમાં વિજેતાઓને અભિનંદન આપ્યા હતા.

આ આખુંય ઓપરેશન કોંગ્રેસે બળદેવજી ઠાકોરના નેતૃત્વમાં એક ટીમ બની અને પુરું કર્યું હતું. કલોલ નગરપાલિકામાં થયેલા ભ્રષ્ટાચારની તપાસ કરાશે અને જનતા સમક્ષ સાચી હકીકતો મુકાશે તેમાં કોંગ્રેસ કોઈ કસર છોડશે નહિ તેમ કોંગ્રેસના આંતરિક સૂત્રોએ જણાવ્યું છે.

### વ્હિસલીંગ મિડોઝ કલબ-રિસોર્ટ આકર્ષક સ્થળ

# મધ્યમવર્ગને પોષાય તેવા દરે મનોરંજન મજા માણી શકાશે

અમદાવાદ,તા.૧૧

સામાન્ય રીતે કલબ અને રિસોર્ટમાં સ્વીમીંગ પુલથી માંડી રેસ્ટોરન્ટ, વેડીંગ સહિતની મોજ માણવાનું અમીરો અથવા તો, ધનિકોના જ નસીબમાં હોય છે પરંતુ હવે સામાન્ય નાગરિક અને મધ્યમ વર્ગને પણ પોષાય તેવા દરે મનોરંજનની મોજ હવે અમદાવાદના આંગણે વ્હિલસીલંગ મિડોઝ કલબ એન્ડ રિસોર્ટ દ્વારા ઉપલબ્ધ બનાવવામાં આવી છે. શહેરની ભાગદોડભરી જિંદગીથી ત્રસ્ત લોકો ખાસ કરીને મહિલાઓ અને બાળકો તેમ જ યંગસ્ટર્સને અમદાવાદ નજીક સાણંદ પાસે કુંડાલ ગામ ખાતે વ્હિસલીંગ મિડોઝ કલબ એન્ડ રિસોર્ટ કુદરતના સાનિધ્યમાં શાંતિ અને નયનરમ્યતાનો એહસાસ કરાવશે એમ અત્રે વ્હિસલીંગ મિડોઝ કલબ એન્ડ રિસોર્ટના ચેરમેન રાહુલ ઘીયા અને રૂપલ ઘીયાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વ્હિસલીંગ મિડોઝ રિસોર્ટ છેલ્લા પાંચ વર્ષથી એસજી હાઈવે પર નિરમા યુનિર્સિટી સામે કાર્યરત છે, જયાં ગ્રાહકોને સંતોષકારક અને ઉત્તમ સેવા ઉપલબ્ધ બનાવ્યા બાદ હવે વ્હિલસલીંગ મિડોઝ જૂથ હવે અમદાવાદથી તદ્દન નજીક નળ સરોવર રોડ પર લોકોને શાંતિ, નયનરમ્ય અને કુદરતના સાનિધ્યમાં રહેવાની તક પૂરી પાડવાના હેતુથી મિડોઝ કલબ એન્ડ રિસોર્ટનું નવું નજરાણું લઈને આવ્યું છે.

આ નવી કલબમાં અદ્યતન રેસ્ટોરન્ટ, સ્વીમીંગ પુલ, વોટરરાઈડ્સ, કિડઝરૂમ ઉપરાંત સોનાબાથ, સ્ટીમબાથ, જીમ, લાયબ્રેરી, બેન્કવેટ હોલ, ટીવીરૂમ, કોન્ફરન્સ રૂમ, ઈન્ડોર ગેમ્સ સહિતના અનેક આકર્ષણો ઉપલબ્ધ બનાવાયા છે. પોતાના ગ્રાહકો માટે ઉત્કૃષ્ટ સેવા આપવા હરહંમેશ તત્પર વ્હિસલીંગ મિડોઝ જૂથ દ્વારા કલબ-રિસોર્ટની મેમ્બરશીપ માટે ૨૫ વર્ષની ફી મેમ્બરશીપ માત્ર રૂ.૧,૧૧,૦૦૦ રખાઈ છે કે જેથી સામાન્ય માણસ અને મધ્યમવર્ગ પણ મનોરંજન અને આકર્ષણોની મોજ માણી શકે. વ્હિસલીંગ મિડોઝ કલબ એન્ડ રિસોર્ટના ચેરમેન રાહુલ ઘીયા અને રૂપલ ઘીયાએ ઉમેર્યુ હતું કે, આગામી પાંચ વર્ષમાં અમે આ પ્રોજેકટ હેઠળ રૂ.૨૫ કરોડનું રોકાણ કરવા જઈ રહ્યા છીએ. કલબમાં ડેસ્ટીનેશન વેડીંગ માટે વિશાળ પાર્ટી પ્લોટ, કોર્પોરેટ ઈવેન્ટ્સ માટે અદ્યતન સુવિધાઓ પણ અલગ અહેસાસ કરાવશે. દરમ્યાન વ્હિસલીંગ મિડોઝ જૂથના પ્રમોટર રાજેશ ઠક્કર અને એડવાઈઝર ભાવેશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, એક જ મેમ્બરશીપ ફીમાં ગ્રાહકોને બંને મિડોઝ કલબ અને રિસોર્ટના લાભો પ્રાપ્ય બનશે. કલબના પ્રથમ ૨૦૦ સભ્યો માટે વિશેષ ઓફર ઉપલબ્ધ બનાવાશે.

# બ્રહ્માકુમારીઝ દ્વારા નડિયાદ ખાતે વિશાળ સર્વપથી મેડિકલ કેમ્પ યોજાયો

નડિયાદ, તા. ૧૧

બ્રહ્માકુમારીઝ દ્વારા છેલાં કેટલાંક વર્ષોથી આધ્યાત્મિક સેવાઓ સાથે આરોગ્ય સેવાઓને પણ નવો આયામ આપવામાં આવ્યો છે. રાજયોગ દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને પણ સુદ્રઢ બનાવવાની નવી પહેલ વિધાલય દ્વારા શરૂ કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ બ્રહ્માકુમારીઝ 'પ્રભુશરણમ' ભવન ખાતે એક વિશાળ મેડિકલ કેમ્પ યોજાઈ ગયો. આ કેમ્પની વિશેષતા એ રહી કે, બી.કે.પૂર્ણિમાબેનના નેતૃત્વમાં આધ્યાત્મિક મુલ્યોના પાયા પર એલોપથી, આયુર્વેદ, નેચરોપથી તથા હોમિયોપથીના સુભગ સુમેળ સાથે દર્દીઓને વિવિધ રોગોની સારવારથી લાભાંવિત કરવામાં આવ્યા હતાં .

આ મેડિકલ કેમ્પમાં દિવસ દરમ્યાન ખેડા જિલ્લાના તજજ્ઞ તબીબોએ તેમની નિઃશુલ્ક સેવાઓ આપી હતી. આ જાણીતા તબીબોમા સર્વશ્રી દક્ષેશ શાહ, જતીન શાહ, હેમેન્દ્ર દોશી, જય દોશી, હર્ષદ નાયક, વિશાલ પારેખ, યોગેશ પંજાબી, રીટા દેવ જ્યોત્સનાબેન શાહ, ધરતીબેન ઠક્કરે તેમની બહુમુલ્ય સેવાઓ આપી વિધાયલની આ પ્રવૃત્તિને આવકાર આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેમ્પમાં વિવિધ રોગોના કોલ ૨૫૦ થી પણ વધુ દર્દીઓ લાભાંવિત થયા હતાં. વિશેષમાં જરૂરીયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક દવાઓનું વિતરણ પણ કરાયું હતું. કેમ્પમાં બ્લડ ટેસ્ટ અને બી.એમ.ડી.ટેસ્ટ પણ કરાયા હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો.પ્રફુલ્લભાઈ શાહે કર્યુ હતું.

## શિખર મંત્રણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી ચુક્યા છે. ટ્રમ્પ થોડાક પહેલા જ ઉત્તર કોરિયન નેતાને લીટલ રોકેટમેન તરીકે ગણાવીને તેમની ઝાટકણી કાઢી હતી. સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં ટ્રમ્પે આ પ્રકારનું વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. બીજી બાજુ કિમે પણ તરત જવાબ આપીને ટ્રમ્પને માનસિકરીતે ભાંગી પડેલી વ્યક્તિ તરીકે ગણાવી હતી. નવ મહિનાના ટુંકાગાળામાં જ બંને નેતાઓ મતભેદોને દૂર કરીને એક મંચ પર આવશે તેવી કોઈને કલ્પના ન હતી. સિંગાપોરમાં કિમ રવિવારના દિવસે જ આવી પહોંચ્યા હતા. ટ્રમ્પ મોડેથી પહોંચ્યા હતા. તેમની પ્રથમ બેઠક સ્થાનિક સમય મુજબ સવારે ૯ વાગે મળશે. આ બેઠક સિંગાપોરના સેન્ટોસા આઈલેન્ડ પર આવેલી ફાઈવસ્ટાર રિસોર્ટ હોટલમાં યોજાશે. આ બેઠક એક બે દિવસ સુધી પણ ચાલી શકે છે. કિમે ગયા વર્ષે જ કહ્યું હતું કે, અમેરિકા ઉપર પરમાણુ હથિયારો સાથે ત્રાટકવા માટેની ક્ષમતા ઉત્તર કોરિયાએ હાસલ કરી લીધી છે. માર્ચ મહિનામાં ટ્રમ્પે એમ કહીને વિશ્વના દેશોને ચોંકાવી દીધા હતા. કે, તેઓ કિમને મળવા માટે તૈયાર છે. થોડાક દિવસ પહેલા જ ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયાના પ્રમુખો પણ મળ્યા હતા. ટ્રમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્તર કોરિયાના સામૂહિક વિનાશના હથિયારો અને બેલાસ્ટિક મિસાઈલ કાર્યક્રમની નાબૂદીનો રહ્યો છે. બંને દેશો વચ્ચે છેલ્લા ૬૮ વર્ષથી ખેંચતાણ રહી છે. આખરે શાંતિ સ્થાપિત કરવાની દિશામાં ઐતિહાસિક પહેલ થઈ છે. સિંગાપોરના લોકો કિમની એક ઝલક મેળવી લેવા માટે પડાપડી કરી રહ્યા છે પરંતુ તેમની એક ઝલક પણ મેળવી શકાઈ નથી. કિંમ પહેલાથી જ અભુતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સિંગાપોર પહોંચી ગયા છે.

## વધુ ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૭૬.૫૮ રૂપિયા રહી છે જ્યારે ડીઝલની કિંમત ૬૭.૯૫ રહી છે. ઉપરાંત દિલ્હીના અન્ય મેટ્રો શહેરોમાં પણ કિંમતો સુધરી છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત ઘટાડો જારી રહ્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતના આધાર પર દરરોજ ઘટાડાનો દોર ચાલી રહ્યો છે. જુદા જુદા રાજયોમાં કિંમતો વેટના આધાર પર ઘટી રહી છે. બીજી બાજુ દુનિયાભરમાં તેલની વધતી કિંમતોને ધ્યાનમાં લઈને ભારત સરકાર ચિંતાતુર છે અને માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા એક દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે જેમાં જણાવાયું છે કે, ટ્રક અને બસ જેવા ભારે કોમર્શિયલ વાહનોને કોલ આધારિત મિથિનોલ ઉપર ચલાવી શકાય છે. મંત્રાલયની દરખાસ્તમાં કહેવામાં આવ્યું છે કે, બે લીટર મિથિનોલની કિંમત એક લીટર ડીઝલ સમાન છે. મિથિનોલને માત્ર ૩૦ રૂપિયાની કિંમતમાં તૈયાર કરવામાં આવે છે.